# પ્રાથમિક કન્યા શાળા, સિહુંજના વિદ્યાર્થીઓએ આણંદ કૃષિ યુનિવર્સિટીના કૃષિ સંશોધન કેન્દ્ર નેનપુર ખાતે તા. ૦૫-૦૩-૨૦૨૫ ના રોજ મુલાકાત લીધી

મહેમદાબાદ તાલુકાની સિહુંજની પ્રાથમિક કન્યા શાળાના છ થી આઠમા ધોરણમાં અભ્યાસ કરતા કુલ ૭૦ વિદ્યાર્થીઓએ અને ૪ શિક્ષકોએ પ્રીવોકેશનલ/વ્યવસાયલક્ષી શિક્ષણ અંતર્ગત નેનપુર કેન્દ્ર ખાતે ચાલતી વિવિધ સંશોધન અને વિસ્તરણ સંલગ્ન પ્રવૃતિઓ, પ્રાકૃતિક ખેતી અને કૃષિ વિષયક માહિતી મેળવવાના હેતુથી આણંદ કૃષિ યુનિવર્સિટીના કૃષિ સંશોધન કેન્દ્ર, નેનપુરની મુલાકાત લીધી. આ અન્વયે કેન્દ્રના વડા અને સંશોધન વૈજ્ઞાનિકશ્રી ડૉ. ડી. બી. પ્રજાપતિએ , વિદ્યાર્થીઓને કેન્દ્ર દ્વારા હાથ ધરાયેલી સંશોધન અને વિસ્તરણ સંલગ્ન પ્રવૃતિઓ , કૃષિ વિજ્ઞાન વિષયક, યુનિવર્સિટી દ્વારા ચાલતા કૃષિ અભ્યાસ અને તેની રોજગારની તકો વિશે પ્રકાશ પાડ્યો હતો. નવાગામ ખેડૂતપુત્રોને વિદ્યાર્થીઓને આણંદ યુનિવર્સિટીની વિવિધ જાતો અપનાવવા અને અન્ય તકનીકી તેમજ વૈજ્ઞાનિકોનું માર્ગદર્શન લેવા સલાહ આપી હતી. દિવેલાની સંશોધન વિવિધ તાંત્રિકતાઓ અને હાલમાં ખેડૂતો દ્વારા પાક ઉપર જંતુનાશક દવાનો છંટકાવ અને રાસાયણિક ખાતરોના બેફામ વપરાશથી, માણસના અને જમીનના આરોગ્ય ઉપર થયેલ વિપરીત અસરોની જાણકારી આપેલ. ડૉ. બી. એન. ઠક્કર , મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રીએ પ્રાકૃતિક કૃષિ ખેતીની અગત્યતા વિશે માહિતી આપી હતી.

ત્યારબાદ, ડૉ. તારક પટેલ, સહસંશોધક દ્વારા વિદ્યાર્થીનીઓને પર્યાવરણીય જાગૃતી વિષે વૃક્ષોની સમજ આપી પર્યાવરણ બચાવો વિષે માહિતગાર કરવામાં આવેલ અને સર્વે વિધ્યાર્થીને નેનપુર કેમ્પસમાં મ્યુજિયમની મુલાકાત ગોઠવીને અને જીવંત નમૂના અને ચાર્ટ દ્વારા કૃષિ વિજ્ઞાનની કૃષિ વિષયક માહિતી પ્રત્યક્ષ બતાવેલ. છેલ્લે સર્વે વિધ્યાર્થીને કૃષિ અભ્યાસ અને પ્રાકૃતિક કૃષિ વિષે પ્રોત્સાહિત કરેલા , સમગ્ર તાલીમ કાર્યક્રમનું સંચાલન ડૉ. તારક પટેલ, સહસંશોધક દ્વારા કરવામાં આવ્યું.





પ્રાથમિક કન્યા શાળા, સિહુંજના છ થી આઠમા ધોરણમાં અભ્યાસ કરતા કુલ૭૦ વિદ્યાર્થીઓ અને ૪ શિક્ષકોએ  કૃષિ સંશોધન કેન્દ્ર નેનપુરની મુલાકાત


પર્યાવરણ જાગૃતિ રેલી


વૃક્ષ જતન,
આબાદ વતન
વૃક્ષ વાવો,
પર્યાવરણ
બચાવો

**પ્રાથમિક કન્યા શાળા, સિહુંજ ના છ થી આઠમા ધોરણમાં અભ્યાસ કરતા કુલ૭૦ વિદ્યાર્થીઓ અને ૪ શિક્ષકોએ વ્દારા પર્યાવરણ**